RIGHT TO INFORMATION

બહુજનહિતાય બહુજનસુખાય

અપીલ અરજી નં.૪૯૮તા.૨૨–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નિમેષ બંસીલાલ મોદી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિમેષ બંસીલાલ મોદીની તા. ૧– ૧૧–૧૧ની અરજીથી (૧) આકારણી દફતરે ૧૮એફ–૦૧–૦૫૪૧–૦–૦૦૧થી ૦૧૮વાળી મિલકત હાલમાં કોના નામ પર છે તેની વિગત (૨) મિલકતમાં બાંધકામો થયેલ છે કે કેમ ? જો પ્લાન પાસ નહીં થયેલ હોય તો મહાનગરપાલિકાએ કયા પગલાં લીધાં છે વિગેરેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૨–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૯૮/૨૦૧૧–૧૨

શ્રી નિમેષ બંસીલાલ મોદીની તા. ૧– ૧૧–૧૧ની અરજીથી (૧) આકારણી દફતરે ૧૮એફ–૦૧ –૦૫૪૧–૦ –૦૦૧થી ૦૧૮વાળી મિલકત હાલમાં કોના નામ પર છે તેની વિગત. (૨) મિલકતમાં બાંધકામો થયેલ છે કે કેમ ? જો પ્લાન પાસ નહીં થયેલ હોય તો મહાનગરપાલિકાએ કયા પગલા લીધા છે વિગેરેની માહિતી આપવા બાબતે મળેલ માહિતી અપુરતી અને અધુરી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા શહેર વિકાસ ને લગતી માહિતી આપેલ છે કે કેમ ? નકલ સહ સ્પષ્ટ કરવા તથા દફતરી માહિતી મોકલવા** સાથે અરજદારની અપીલમાંની નોટીસ અને તુમારી પત્રકમાં ઓકયુપાયર ઓનર–નંબરની નિર્દિષ્ટ વિસંગતતા અંગે પણ હકીકત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૩૫૨ તા.૩–૧–૧૨ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને મળેલ માહિતી બાદ તકરાર નિવારણની ફરીયાદ છે કે ખોટી અને ગેરમાર્ગે દોરતી માહિતી માટે? તે મુદ્દાવાર આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ/ આ.નં.૬૦૮ તા.૨૧–૧–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, અરજદારની અપીલ અરજીની નકલ તથા અરજદારે આકારણીની નકલો મળેલ છે તેથી જવાબની જરૂર નથી તેવું તા.૧૭–૧૧–૧૧ ના રોજ અરજદારે કરેલ લખાણ અંગેના પત્રની મુળ નકલ અત્રે રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૨–૧–૧૨ ના પત્રથી પૂરક વિગતોમાં ટીપી નં.૪ ના વેલ્યુએશન સ્ટેટમેન્ટની નકલ, ટીપી ૪,એફપી/૨૧૪ પાર્ટ પ્લાનની નકલ, ૩૦–૩–૯૨ ના રૂા.૧૦/– જેકીશન છગનલાલ મોદીના કોરા સ્ટેમ્પ પેરની નકલ તથા તેમનું ગુજરાત ઈન્ડ. કો. ઓ. બેંકના ઓળખ કાર્ડની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧–૧૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદાર કે જાહેર માહિતી અધિકારી તરફથી કઈ માહિતી પૂરી પાડવામાં આવેલ છે તે અંગેનું કોઈ વિવરણ કે વિગતો જણાવેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના સંકલન આરટીઆઈ સેલ તરફથી તા.૧૭–૧૧–૧૧ ના પત્ર કે જેમાં આકારણીની નકલો પત્ર નં.૬૦૮ થી મળેલ છે જેથી જવાબની જરૂર નથી તેવું જણાવતો તા.૧૭–૧૧–૧૧ નો પત્ર મળેલ છે.આરટીઆઈ સેલ /૬૦૮ જે અરજદારની અરજીનો આઈ ડી નંબર છે જે પત્રથી સંકલન તે સરખા પત્રથી જ પત્ર વ્યવહાર કરતાં હોય છે જેમાં તારીખ પત્ર વ્યહારની અલગ દર્શાવે છે પરંતુ અત્રે ૬૦૮ પત્ર નંબરની તારીખ દર્શાવેલ નથી અને આપેલી માહિતી અંગેનું કોઈ વિવરણ કે વિગત જણાવેલ નથી કે પૂરક વિગતો વખતે પણ તે અંગે કોઈ વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. અરજદારે માહિતી માંગણીની અરજીથી આકારણી દફતરે ૧૮એફ–૦૧ –૦૫૪૧–૦ –૦૦૧થી ૦૧૮ ૧) આકારણી દફતરે ૧૮એફ–૦૧ –૦૫૪૧–૦ –૦૦૧થી ૦૧૮વાળી મિલકત હાલમાં કોના નામ પર છે

તેની વિગત. (૨) મિલકતમાં બાંધકામો થયેલ છે કે કેમ ? જો પ્લાન પાસ નહીં થયેલ હોય તો મહાનગરપાલિકાએ કયા પગલા લીધા છે તેની માહિતી માંગેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને માહિતી આપ્યાનો કોઈ પત્ર કે વિગતો અત્રે રજૂ કરેલ નથી. દસ્તાવેજ ફી ભરવા માટે નમુના "ગ" માં પાઠવેલ પત્રની કોઈ વિગત રજૂ કરેલ નથી. જેથી જાહેર માહિતી અધિકારી કક્ષાએ નિકાલ બાબતમાં કરેલ કાર્યવાહીની વિગતો અંગે કોઈ પ્રકાશ પાડી શકાતો નથી. પરંતુ અરજદારે પૂરક પત્ર સાથે રજૂ કરેલ આકારણીના તુમારના કાગળો તથા અપીલ વર્ણન કરેલ વિશ્લેષણ જોતાં આકારણીને લગતા કાગળો મળ્યા હોવાનું ફલિત થાય છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૦૮ ધ્વારા આપવામાં આવેલી માહિતી અપૂરતી તેમજ પૂરી નહીં પાડવા બાબત યોગ્ય કાર્યવાહી તેમજ રૂબરૂ સાંભળવાનું જણાવી અરજદારે તા.૨૨–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે ટીપી સ્કીમ ન.૪ રે.સ. નં.૨૭ પૈકી જલારામ બિલ્ડીંગ ગીતાજલી સીનેમા સામે બેંક ઓફ બરોડાની ગલીમાં, વરાછા રોડની માંગવામાં આવેલ. જેમાં જલારામ બિલ્ડીગનું બાંધકામ ગ્રા. ફલોર + ત્રણ માળનું છે જયારે માહિતી ગ્રા. ફલોર પૂરતી આપવામાં આવેલ છે.શહેર વિકાસ ખાતા તરફથી બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર પ્લાન પાસ થયેલ છે કે કેમ? તે બાબતની કોઈ માહિતી અમને મળેલ નથી. જાહેર માહિતી અધિકારી હેઠળ રૂા.૪૫૬/– ભરીને ૨૨૮ પાનાની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અપૂરતી અને અધૂરી જણાય છે. જેમાં અરજદારે રૂમ ન.૨,૩,૯,૧૦,૧૧, દુકાન નં.૩,૧,૨,૩,૪,૫,૧૪,૧૫ના કબ્જેદારો કયા પુરાવાના આધારે બતાવાવમાં આવેલ છે તેવા કોઈ પુરાવાની માહિતી દર્શાવવામાં આવેલ નથી. રૂમ નં.૩ અને ૪ ની સુમપાની ફોર્મેટમાં અરજી કરવામાં આવેલ પરંતુ અરજી સ્વીકાર્યા અંગે કોઈ ઈન્વર્ડ નંબર પડેલ જણાતો નથી. રૂમ નં.૩ અને ૪ માં વેચાણ દર્શાવેલ છે જેમાં જયકીશનલાલ છગનલાલ મોદી જેની ખોટી સહી હોવાનું માલુમ પડેલ છે. રૂમ નં.૮ અને ૫ , ૬ અને ૭ તથા ૧૨ માં નામફેર સ્વીકારવામાં આવેલ હોય તેવા સહી સીકકા માલુમ પડતા નથી. ભુપતભાઈ દુધાભાઈ પટેલ માલિક કેવી રીતે બન્યા કબ્જા રસીદ કે નામફેર કઈ રીતે થઈ શકયા , ભાડુઆત માલિક કેવી રીતે બની શકે, વિનોદભાઈ લલ્લુભાઈ ઘેવરીયા કબ્જેદાર બન્યા તેની માહિતી નથી, ઓનર નંબર અને ટેનામેન્ટ નંબર મિલ્કતની ઓળખ માટેના નંબર એક જ મિલ્કતના ઓનર નંબર અને ટેનામેટ નંબર સરખા હોય કે જુદા જુદા ડ્રાયકલીનર પ્રોપાયટર દુકાન નં.૪ ના માલીક કેવી રીતે બન્યા વિગેરે બાબતેની અરજદારને જાહેર માહિતી અધિકારી તરીકે આપેલ માહિતીમાંથી અભ્યાસ કરી અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા એવા ઓનર અનંબર અને ટેનોમન્ટ નંબર એક જ મિલ્કતના સરખા હોય તે કે જુદા જુદા તેમજ આખી જલારામ બિલ્ડીગના દાખલ કર્યાના પુરાવાની માહિતી માંગવામાં આવેલ છે તથા નામ ફેર અરજી ઉપર સહી સીકકા નથી ઈન્વર્ડ નંબર પાડેલ નથી તેવી રજૂઆત કરેલ છે તેમજ વિનોદભાઈ ઘેવરીયાને વેચાણ કરાર કરનાર ભુપતભાઈ પટેલ, જયંતિભાઈ ખીમજીભાઈ ચોટલીયા, અશોકગીરી, અમૃતગીરીએ કર્યા હોવાની વેચાણ કરાર એક જ હોવાનું તથા જયકીશન છગનલાલ મોદીની સહી ખોટી હોવાની ફરીયાદને લગતી ખોટી રજૂઆત કરેલ છે. અરજદારને અપીલ તબકકે મળેલી માહિતી બાબત તકરાર નિવારણને લગતી ફરીયાદ છે કે ખોટી અને ગેરમાર્ગે દોરતી માહિતીની મુદ્દાવાર આધારસહ રજૂઆત કરવા જણાવેલ. પરંતુ અરજદારે તેમ કરવાની જગ્યાએ સગ્રમ મળેલી માહિતીની તુમારોનીનકલો મોકલી આપવામાં આવેલ છે વધુમાં મુદ્દા નં.૨ અંગે અરજદારે મિલ્કતમાં બાંધકામો થયેલ છે કે કેમ? અને જો પ્લાન પાસ નહીં થયેલ હોય તો કયા પગલા લીધા છે વિ. માહિતી માંગેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૧–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાતી નથી . જે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

મુદ્દા નં.૧ અંગે અરજદારને મળેલ માહિતી માટે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી લાગત દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

અરજદારે ૧૮એફ–૦૧ –૦૫૪૧–૦ –૦૦૧થી ૦૧૮ ની મુદ્દા નં.૧ અંગે માહિતી માંગેલ જે અંગે અરજદારે રૂા.૪૫૬/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ. જે અરજદારને ઈ.ઝેડ/આરટીઆઈ/૬૦૮ થી આકારણીની નકલો મળેલ છે અને જવાબની જરૂર નથી તેવું અરજદારે તા.૧૭–૧૧–૧૧ ના પત્રથી જાહેર માહિતી અધિકારીને લખાણ કરી આપેલ છે તેમ છતાં અરજદારે આપેલ માહિતી અંગે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા એવા ઓનર નંબર અને ટેનામેન્ટ નંબર એક જ મિલ્કતના સરખા હોય કે જુદા જુદા તેમજ જલારામ બિલ્ડીંગના તમામ રૂમો દાખલ થયાના પુરાવાની માહિતી અપીલ તબકકે માંગવામાં આવેલ છે જે અંગે અરજદાર મુળ અરજીથી અલાયદી માહિતી અંગે આરટીઆઈ કાયદાની કલમ અને નિયમોનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

અરજદારે નામફેર અરજી પર સહી સીકકા અને ઈન્વર્ડ નંબર જેવા પ્રશ્નો અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે. જયારે જયકીશનલાસ મોદી, ભુપત પટેલ, ખીમજીભાઈ ચોટલીયાએ વિનોદભાઈ ઘેવારીયાને કરી આપેલ વેચાણ કરવા સ્ટેમ્પ બાબતે તેમજ જયકીશનદાસ મોદીની ખોટી સહી હોવા બાબત તકરાર નિવારણને લગતી હોઈ તે અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી નિમેષ બંસીલાલ મોદી,